## VASISHTHA GENESIS SCHOOL, BARDOLI

(Academic Session: 2025-26)

**Date:** ________ **Class:** 2 **Div:** B **Roll No:** ______ **Sub:** 2L Gujarati

**Name:** ________________________________ ch-2 બીરબલની ચતુરાઈ

પ્ર-1. સાચાં ઉત્તર પર ✓ ની નિશાની કરો:

i. દરબારીઓ માટે ભોજન સભારંભ કોણે રાખ્યો હતો?

(અ) સેવકે (બ) બાદશાહ અકબરે ✓ (ક) બીરબલે (ડ) રાણીએ

ii. સેવક થાળીમાં શેની ચીરીઓ લઈને આવ્યો?

(અ) કેરીની ✓ (બ) સફરજનની (ક) ચીકુની (ડ) મોસંબીની

પ્ર-2. નીચેના પ્રશ્નોના જવાબ આપો:

i. બાદશાહ અકબર કેમ બીરબલથી નારાજ થયા હતાં?

જવાબ: જ્યારે અકબર બાદશાહ બીરબલને આગ્રહથી જમાડી રહ્યા હતા ત્યારે બીરબલે ભૂખ નથી એવું કહ્યું અને જ્યારે સેવક કેરી લઈને આવ્યો ત્યારે બીરબલ તરત કેરીની ચીરીઓ લઈને ખાઈ ગયો. આથી બાદશાહ અકબર બીરબલથી નારાજ થઈ ગયા.

ii. બાદશાહની સવારી આવે ત્યારે લોકો કેવી રીતે અભિવાદન કરે છે ?

જવાબ: જ્યારે બાદશાહ અકબરની સવારી નીકળે છે ત્યારે માર્ગમાં લોકો રસ્તો કરી આપે છે અને નમસ્કાર કરીને અભિવાદન કરે છે.

iii. બાદશાહ અકબર બીરબલને કઈ ભેટ આપે છે ?

જવાબ: બાદશાહ અકબર બીરબલને કેરીથી ભરેલી ટોપલી અને અન્ય કિંમતી ભેટો આપે છે.

પ્ર-3. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો:

( કેરી, સ્વાદિષ્ટ વાનગી, ટોપલી )

i. દરબારીઓ __સ્વાદિષ્ટ વાનગી__ નો સ્વાદ માણી રહ્યા હતા.

ii. બીરબલે __કેરી__ ની ચીરીઓ ખાધી હતી.

iii. બાદશાહ અકબરે સેવક પાસે કેરીની __ટોપલી__ મંગાવી.

**પ્ર-4. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો:**

i. ગુસ્સો - ક્રોધ

ii. આદેશ - આજ્ઞા

iii. હોશિયાર - ચતુર, બુદ્ધિમાન

iv. કિંમતી - મૂલ્યવાન

**પ્ર-5. નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ લખો:**

i. સ્વાદ x બેસ્વાદ

ii. પ્રેમ x નફરત

iii. હોશિયાર x ઠોઠ

iv. ખુશ x નાખુશ

**પ્ર-6. યોગ્ય માત્રા લગાવી શબ્દને ફરીથી લખો:**

i. બરબલ - બીરબલ

ii. કરી - કેરી

iii. ગુસસો - ગુસ્સો

iv. નમસકાર - નમસ્કાર

v. રસતા - રસ્તા

vi. હોશયાર - હોશિયાર

**પ્ર-7. નીચેના વાક્યો કોણ બોલે છે તે જણાવો:**

i. "મને માફ કરો મહારાજ, મારું પેટ ભરાઈ ગયું છે." - બીરબલ

ii. "હવે આ કેરીઓ કેવી રીતે ખવાઈ રહી છે?" - બાદશાહ અકબર

iii. "હું એક દાણો વધારે ખાઈ શકીશ નહિ." - બીરબલ